જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૦/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૮૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૩,૧૧,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૨ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૩/૨૦૨૨**

**વટવા જીઆઈડીસીઃ** પંકજભાઈ જયંતીલાલ પટેલ (રહે. રંગકુંજ સોસાયટી નારણપુરા ચાર રસ્તા પાસે નારણપુરા) એ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૨ રાતના ૩/૧૫ વાગ્યા પહેલા જીઆઇડીસી વટવા ફેઝ-૨ પ્લોટ નંબર-૫૪૩ ખાતે આવેલ શ્રી ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીજ નામની કંપનીના પતરાના શેડ નીચે પ્લેટફોર્મ નીચેથી એન.મીથાઇલ જે-એસીડ કેમીકલ પાઉડરની પ્લાસ્ટીકની બેગ નંગ-૬ કિમત રૂપિયા ૨,૫૨,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૪/૨૦૨૨**

**ચાંદખેડાઃ** નરેશ રામભાવુ ટોકરે (ઉ.વ.૬૫) (રહે. દેવભુમીનગર વિભાગ-૨ પરીમલ સ્કુલ પાસે ડી-કેબીન સાબરમતી) તા.૨૯/૦૯/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા શૈલગંગા સોસાયટી પાસે આવેલ સાઇબાબા મંદીર આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ ત્રણ પુરૂષ નરેશ ટોકરેના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નરેશ ટોકરેએ તા.૦૪/૧૦/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કલ્પેશસિંહ કિનુસિંહ ચલાવે છે.

**માધવપુરાઃ** ગીતાબહેન તે કેશવભાઇ રામજીભાઇ રાણા નાઓની વિધવા પત્ની (ઉ.વ.૬૨) (રહે. શુદ્ધોધનનગર સોસાયટી ફાયર બિગ્રેડની બાજુમાં, ગોમતીપુર) તા.૦૨/૧૦/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે માધવપુરા ઇદગાહ સીટી સેન્ટર પાસે આવેલ અસારવા બ્રિજ ઉપર જવાના રસ્તે મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર ૩૨૩૭ ઉપર આવેલ એક પુરૂષ ગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ગીતાબહેનએ તા.૦૪/૧૦/૨૦૨૨ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહીત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૫/૨૦૨૨**

**સરદારનગરઃ** રિતેષ ઉર્ફે અંધો સ/ઓ ફુલચંદભાઇ ગારંગે (ઉ.વ.૪૦) (રહે.સેનુની ચાલી માચીસ ગલી “એફ” વોર્ડ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.દરજી ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** ચાંદલોડીયા શ્રીજી રેસીડેન્સીની બાજુમા ગણેશનગર સોસાયટી ખાતે રહેતા શિવમ સ/ઓ ભવાનીશરણ વિશ્વકર્મા (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-ગુન્નોર તા-મુશાફીરખાના જીલ્લો-અમેઠી ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૨ કલાક ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** નિર્મલ અરૂણભાઇ અમીન (ઉ.વ.૨૦) (રહે. શ્રી શક્તિ સોસાયટી પંચવટી પાસે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા જમાલપુર બ્રીજ નીચે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધનવંતભાઇ રત્નાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી